ધાનેરામાં સુરક્ષા અને સુવિધા વગરનું શોપિંગ કોઈ હોનારત સર્જે તે પહેલા તંત્ર જાગે

મધુસુદન માર્કેટમાં આવેલા વીજવાયરના ગૂંચળા લોકોનો જીવ લે તો નવાઈ નહિ : મેં દુકાન વેચ્યા ને ૧૫ વર્ષ જ થયા હવે મારે કાઈ લેવા દેવા નઈ : નીતિન પટેલ શોપિંગ માલિક

ધાનેરામાં આવેલું છે સુરક્ષા અને સુવિધા વગર નું શોપિંગ આ શોપિંગ ધાનેરા મોટી હેનારત અને

જાનહાની સર્જે તો કોઈ નવાઈ ની વાત નથી. શોપિંગ ના વેપારીઓ તેમજ અવરનવર કરતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે શોપિંગ માં આવતા લોકોને ઘાયલ થઈ ઘરે જવું પડે છે શું છે સમગ્ર મામલો જોઈએ આ અહેવાલ માં ધાનેરા માં આવેલું મધુસુદન માર્કેટ જે નવા બસસ્ટેન્ડ ની સામે આવેલું છે. વર્ષો પહેલા આ શોપિંગ બનાવામાં આવ્યું હતું અને તેમાં આશરે ૨૫૦ કરતા પણ વધુ દુકાન બનાવી હતી અને દરેક દુકાન લોકોને ઊંચા ભાવે પધરાવવામાં આવી હતી આ શોપિંગ માં દવાખાનું બેન્ક તેમજ વિવિધ વસ્તુ ની અત્યારે દુકાનો ચાલી રહી છે. પરંતુ હવે જો વાત કરવામાં આવે આ શોપિંગ ની સુવિધા ની તો સુવિધા ના નામે મીંડું જોવા મળી રહ્યું છે ઉપર થી આ શોપિંગ માં આવતા લોકોને ઘાયલ થઈ ઘરે જવું પડે છે. આ શોપિંગ માં દરરોજ ૧૦૦૦ કરતા પણ વધુ લોકો અવરજવર કરે છે શોપિંગ ની તમામ સીડીઓ પણ તૂટી જવા પામી છે માટે લોકો નીચે પટકાય છે અને લોકોને ગંભીર ઈજા પણ પહોંચે છે આટલુંજ નહિ પણ આ શોપિંગ માં લાઈટ ફિટિંગ જોઈ તમે પણ ચોકી જશો કરોળિયા ના જળ જેવા દેખાતા લાઈટ વાયર ના ગૂંચળા વારંવાર શોર્ટશર્કિટ કરે છે અને વેપારીઓને ભારે નુકશાન વેઠવું પડે છે. શોર્ટશર્કિટ થી કેટલીય દુકાનો માં આગ લાગી અને લાખો રૂપિયા ના સમાન સહીત દુકાનો બાળીને ખાખ થઈ. આ બાબતે વેપારીઓ ધ્વરા રજૂઆત પણ કરવામાં આવી પરંતુ કોઈજ સાંભળવા તૈયાર નથી. શોપિંગ મલિક શોપિંગ બનાવી લોકોને ઊંચા ભાવે દુકાન પધરાવી અને હવે આ બાજુ જોતા પણ નથી. માટે વેપારીઓ નો રોષ ભભૂકવા લાગ્યો છે. આખરે વેપારીઓ ભેગા થયા અને પૈસા ઉઘરાવી શોપિંગ ની સિદી નું રીપેરીંગ કામ ચાલુ કરાયું પરંતુ આ શોપિંગ માં મોટી સમસ્યા છે લાઈટ ફિટિંગ કે લાઈટ ના વાયરો ના ગૂંચળા જે ને લીધે વેપારીઓ ને નુકશાન વેઠવું પડે છે જયારે પણ ચોમાસા નો સમય આવે ત્યારે આ શોપિંગ માં શોર્ટશર્કિટ ના ખુબજ બનાવો બને છે શોર્ટશર્કિટ થી દુકાનોમાં આગ લાગે છે. આ શોપિંગ માં દરરોજ ૫૦૦ કરતા વધુ લોકો હાજર જોવા મળે છે જો શોપિંગ માં મોટી શોર્ટશર્કિટ થઈ જાનહાની થઈ તો તેના માટે જવાબદાર કોણ આ શોપિંગ માં પાર્કિંગ ની પણ વ્યવસ્થા નથી લોકો પોતાના વાહન આમતેમ મૂકી જતા રહે છે જો સંકટ સમયે આ શોપિંગ માંથી બહાર નીકળવું હોય તો પણ મુશ્કિલ બની જાય છે હવે જો વાત કરીએ આ શોપિંગ ની સૌચાલય ની તો ૨૫૦ કરતા પણ વધુ દુકાનો માટે માત્ર એક સૌચાલય બનાવામાં આવ્યું છે અને તે પણ છેક ઉપરના માળે,,,સૌચાલય માં જવું હોય તો પણ લોકોને કેવીરીતે જવું સૌચાલય ખાલી દારૂ ની બોટલ અને ગંદકી થી ઉભરાઈ રહ્યું છે આ બધી સમસ્યા થી લોકો અને વેપારીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે અને સરકાર ને અપીલ કરી રહ્યા છે કે તાત્કાલિક આ બાબતે નિકાલ લાવો નહીંતર અત્યારે ચોમાસા ની સીઝન ચાલી રહી છે જો શોપિંગ માં મોટી શોર્ટશર્કિટ થાય અને ગરીબ લોકોને જીવ ગુમાવવો પડે તે પહેલા સરકાર જાગે અને આ શોપિંગ બનાવનાર પકડે અને લોકો તેમજ વેપારીઓ ની મુશ્કેલી દૂર કરે આ બાબતે શોપિંગ બનાવનાર નીતિન પટેલ નો ટેલિફોનિક સંપર્ક કરી તેને જણાવતા વીજ વાયર બાબતે કેક કરી આપોને તો તે લાજવા ના બદલે ગાજવા મંડ્યો હતો અને જણાવ્યું હતું કે મેતો શોપિંગ વેચ્યા ને ૧૫ વર્ષ થયા હવે મારે કઈ લેવાદેવા નથી તો તમે પણ સાંભળો કે આ નીતિન પટેલ શું કહે છે તંત્ર પણ આ બાબતે વેપારીઓનું સાંભળવા તૈયાર નથી શોપિંગ બનાવનાર પણ લાજવા ના બદલે ગાજી રહ્યો છે તો આ શોપિંગ ના વેપારીઓ ને રજૂઆત કરવી કોને તે એક મોટો સવાલ ઉભો થયો છે.

છાલા શેઠ કે.એમ. શાહ સર્વોદય હાઈસ્કૂલમાં માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી

તાલુકાની છાલા શાળામાં માર્ગ સલામતી સપ્તાહની ઉજવણીના ભાગરૂપે શાળામાં ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા વિદ્યાર્થીઓને રોડ અકસ્માતથી બચવા અંગેની સમજ તેમજ પ્રાથમિક સારવાર અને સલામતી માટે ૧૦૮નું નિદર્શન અને મોક ડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૦૮ની ટીમે વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરું પાડયું હતું. બાળકોના વિવિધ પ્રશ્નોના ૧૦૮ના ઈ.એમ.ટી. નરેન્દ્રસિંહ તથા આશાબેને જવાબો આપી વિદ્યાર્થીઓને કામગીરીથી માહિતગાર કર્યા હતા. ૧૦૮ વાહનના પાયલોટ રાજુભાઈ તથા ધરમસિંહે માર્ગ પર એમ્બ્યુલન્સ વાનને અગ્રીમતા આપવા ૧૦૮ ગુજરાત એપ્લિકેશનનો ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે માર્ગદર્શન પુરું પાડયું હતું. આ કાર્યક્રમમાં શાળાના આચાર્ય આર.એસ. ચૌધરી, શિક્ષકો, બાળકોએ ભાગ લીધો હતો.

શહેરના નાગરિકોને વૃક્ષો મેળવવા જોગ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં વર્ષાઋતુ દરમિયાન વૃક્ષો વાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. વૃક્ષો વાવવાની ઈચ્છા ધરાવતા નાગરિકે ૦૭૯-૨૩૨૨૨૭૧૮ પર કચેરી સમય દરમિયાન ફોન કરવો. ફોન કરનાર નાગરિકની વિગતો પુછીને જે નાગરિક વૃક્ષ ઉછેરવાની ખાતરી આપે તેમને ત્યાં સુચવવામાં આવેલ સ્થળ ઉપર અત્રેની કચેરીની ટીમ દ્વારા વિના મુલ્યે વધુમાં વધુ પાંચ રોપાની મર્યાદામાં છોડ રોપી આપવામાં આવશે. જેનો ગાંધીનગર શહેરની જાહેર જનતાએ લાભ લેવા વિનંતી છે.

ચાણક્ય સેવા ટ્રસ્ટ દ્વારા વડોદરામાં જીવનસાથી પસંદગી મેળો યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

શ્રી ચાણક્ય સેવા ટ્રસ્ટ તથા વડોદરા જિલ્લા બ્રહ્મસમાજ દ્વારા વડોદરામાં ૫૧મુ જીવનસાથી પસંદગી સંમેલન યોજાવાનુ છે. જેમાં ઉમેદવારીપત્ર મેળવવા તથા પરત કરવા માટે ગાંધીનગર ખાતે કાન્તીલાલ બાલશંકર વ્યાસ ફોન નં. ૯૮૨૫૦ ૩૩૦૭૪, પ્લોટ નં. ૩૫૨/એ/૨ સેક્ટર-૧૨-સીનો રૂબરૂ સંપર્ક કરવો.

ટીટોઈ અંતિમધામમાં ભજન સંધ્યા કાર્યક્રમ યોજાયો

ટીટોઈ, તા. ૨૮

મોડાસા તાલુકાના ટીટોઈની સેવા સમિતિ દ્વારા આર્થિક રીતે નબળા પરિવારો માટે ટીટોઈ અંતિમધામ ખાતે ખુબજ ગરીબ પરિવારના સ્વજનના મૃત્યુ પ્રસંગે વિનામૂલ્યે લાકડા અને શબવાહિનીની સુવિધા પૂરી પાડવાના સેવા કાર્યને પ્રોત્સાહિત કરવા ગામના જ ગં. સ્વ. નવલબેન પટેલ દ્વારા રૂ.૧૦૦૦૦૦ એક લાખનુ દાન અંતિમધામ ખાતે યોજાયેલ ગોપીભજન મંડળના ભક્તિ સંધ્યા કાર્યક્રમમાં આપવામાં આવ્યું હતું. જેમાં દાતા ગં. સ્વ. નવલબેનનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ પુણ્ય કાર્યમાં તેમના ભત્રીજા માધુભાઈ તેમજ મોતીભાઈ તરફથી પણ સહકાર મળતા તેમનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સેવા સમિતિના પ્રમુખ ધનજીભાઈ પટેલ, મહામંત્રી મુળજીભાઈ પટેલે અંતિમધામના કાર્યને પ્રોત્સાહિત કરવા સ્થાનિક તેમજ બહાર વસતા ગ્રામજનોને અપીલ પણ કરી હતી.

પર્યાવરણના જતનનો સંવેદનાત્મક સંદેશ એટલે 'વૃક્ષનાં આંસુ''

યુવા નિર્માતા રાજન ત્રિવેદી દ્વારા નિર્મિત તથા સાહિત્યકાર ડો. કનૈયાલાલ ભટ્ટ લિખિત-દિગ્દર્શિત શોર્ટ ફિલ્મને યુ ટ્યુબ પર પ્રોત્સાહક પ્રતિસાદ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરમાં સાહિત્ય, કલા અને સંગીત ક્ષેત્રે યુવા પ્રતિભાઓ ખૂબ જ પ્રસંશનીય કાર્ય કરી રહી છે. શહેરમાં શોર્ટ ફિલ્મ ક્ષેત્રે યુવા નિર્માતા રાજન ત્રિવેદી દ્વારા જાણીતા સાહિત્યકાર ડૉ. કનૈયાલાલ ભટ્ટ લિખિત નવી શોર્ટ ફિલ્મ 'વૃક્ષના આંસુ' આજે યુ-ટ્યુબ ચેનલ પર રિલીઝ કરવામાં આવી છે. વૃક્ષોને બચાવી પર્યાવરણના જતનનો સંદેશ આપતી આ ફિલ્મને ખૂબજ પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડી રહ્યો છે.



વૃક્ષો એ સદીઓથી માનવજાતને શુદ્ધ પ્રાણવાયુ તથા વરસાદ જેવી અણમોલ ભેટ આપી રહ્યાં છે. પરંતુ આજના યુગમાં અત્યંત ઝડપથી વૃક્ષોનું નિકંદન નિકળી રહ્યું છે. એક વૃક્ષની વેદનાને શોર્ટ ફિલ્મ 'વૃક્ષના આંસુ'માં સંવેદનાત્મક અને કાવ્યાત્મક શૈલીમાં પ્રસ્તુત કરાઈ છે જે દર્શકોના માનસપટ પર ઘેરી અસર સર્જી રહી છે. આપણી વિસરાતી સંસ્કૃતિ અને સંસ્કાર સામે આજની ૨૧મી સદીના વિકસતા વિકાસની વાતને આ ફિલ્મમાં ઔપચારિક રીતે રજૂ કરવામાં આવી છે અને સમાજ સમક્ષ એક પ્રશ્ન ચિહ્ન રજૂ કરવામાં સફળ રહી છે. 'વૃક્ષનાં આંસુ' ફિલ્મનું રાજન ત્રિવેદી દ્વારા યુ.આર.વે. પ્રોડક્શન અંતર્ગત નિર્માણ કરવામાં આવ્યું છે. જેનું દિગ્દર્શન ડૉ. કનૈયાલાલ ભટ્ટ તથા વિનય મિસ્ત્રી દ્વારા કરવામાં આવ્યુ છે. આ ફિલ્મની પટકથા તથા કાવ્ય લેખન પણ ડૉ. કનૈયાલાલ ભટ્ટનું છે. ફિલ્મમાં કાવ્ય પ્રસ્તુતિ નીલ સોની દ્વારા કરાઈ છે જ્યારે શહેરના જાણીતા અદાકારો વિવેકા પટેલ, હસમુખ મેકવાન, વિનય મિસ્ત્રી તથા રાજન ત્રિવેદી દ્વારા અભિનયના અજવાળા પાથરવામાં આવ્યા છે. 'વૃક્ષનાં આંસુ' ફિલ્મનું કેમેરા વર્ક કાબિલે તારીફ છે જે નદિમ શેખ દ્વારા કરાયુ છે.

શહેરીકરણ તરફની આંધળી દોટ સામે લાલબત્તી

'વૃક્ષના આંસુ' ફિલ્મમાં પ્રકૃતિ આધારિત નૈસર્ગિક ગ્રામ્ય સંસ્કૃતિથી પર્યાવરણનો સોથ વાળતી આધુનિક શહેરીકરણ તરફની આંધળી દોટને અસરકારક રીતે આવરી લઈ આવનારા વિનાશ તરફ અસરકારક રીતે સંકેત નિદર્શન કરવામાં આવ્યુ છે. આ સાથે યુવાનોએ આ ફિલ્મ થકી તેમની કલા પ્રતિભા સાથે સંવેદનાત્મક દૃષ્ટિકોણને પણ ઉજાગર કરવામાં સફળતા મેળવી છે.

તલોદ તાલુકામાં મીઝલ્સ રૂબેલા હેઠળ મેલેરીયા નાબુદી અંતર્ગત શિક્ષકોની મીટીંગ

તલોદ તાલુકાના નગરપાલિકાના હોલમાં મીઝલ્સ રૂબેલા રસીકરણ અંતર્ગત તા. ૧૬મી જુલાઈથી ૯ માસથી ૧૫ વર્ષ સુધીના બાળકોને મીઝલ્સ રૂબેલાના રસીકરણ આપવાનો અભિયાન અંગે માધ્યમિક તથા પ્રાથમિક શાળાના આચાર્યોની મીટીંગમાં ૩૨૫ શિક્ષકોએ હાજરી આપી હતી. લાયઝન ઓફિસર ડૉ. એ.કે. ભાટી સાબરકાંઠા જિલ્લા પંચાયત હિંમતનગર હાજર રહીને માર્ગદર્શન માહિતી આપી હતી. તલોદ તાલુકાના ૪૨૭૦૧ બાળકો આ કાર્યક્રમ હેઠળ નોંધાયેલ છે. પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ બીપીનભાઈ પટેલ, મહેશભાઈ પટેલે ૧૦૦ ટકા રસીકરણ કરવા સહયોગ આપવાની ખાત્રી આપી હતી. તમામ શિક્ષકકર્મીઓએ સહર્ષ આ કામગીરી સ્વીકારી સંમતિ બતાવેલ હતી. તલોદ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓએ મીટીંગ સફળ બનાવવા મહેનત કરી હતી.

ડીસાના ભડથમાં અસ્થિર યુવકના ઈસમનો ફાંસો ખાધેલ મૃતદેહ મળ્યો

બનાસકાંઠા જીલ્લામાં રહસ્યમય રીતે મોત નીપજવાની ઘટનાઓમાં ચિંતાજનક હદે વધારો થઈ રહ્યો છે ત્યારે ગતરોજ ડીસા તાલુકાના ભડથ ગામની સીમમાંથી પણ ગામના જ એક યુવકની લાશ ઝાડીઓમાં લટકતી હાલતમાં મળી આવી છે. ડીસા તાલુકાના ભડથ ગામની ઝાડીઓમાં ગતરોજ અચાનક એક યુવકની લાશ લટકતી નજરે પડી હતો.આ ઘટનાની જાણ થતાં ચકચાર મચી ગઈ હતી. ઝાડીઓમાં ઝાડ પર લટકતી હાલતમાં મળી આવેલી આ લાશ એકદમ વિકૃત થઈ ગયેલ હતી. ઘણા દિવસ પહેલા આ યુવકનું મોત થયું હોવાના લીધે લાશ એકદમ કોહવાઈ ગઈ હોઈ દુર્ગંધ વધુ તીવ્ર બનતા આ લાશ મળી આવી હતી.

પાલનપુર પાલિકા દ્વારા વગર મંજુરીએ બાંધેલા

રાજીવ આવાસના ૩૩.૫૦ કરોડ વસુલી ભાજપની બોડીને સસ્પેન્ડ કરવા અપીલ

નગરપાલિકાના વિરોધપક્ષના નેતાએ કમિશ્નર મ્યુનિસિપલ એડમિનીસ્ટ્રેશનની કોર્ટમાં અપીલ કરતાં ખળભળાટ

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા દ્વારા સદરપુર ગામ નજીક ૩૫ એકર જમીન પૈકી ૨૦ એકર જમીનમાં વર્ષોથી ગંદા પાણીનો નિકાલ કરવામાં આવતો હતો. જોકે, પાલિકાની ભાજપની બોડી દ્વારા આ સ્થળે વિના મંજુરીએ રાજીવ ગાંધી આવાસ યોજના અંતર્ગત ૧૭૭૩ જેટલા આવાસો બનાવી દેવાયા હતા. અને રૂપિયા ૩૩.૫૦ કરોડનું ચૂકવણું કરી દેવાયું હતુ. ત્યારે વિના મંજુરીએ આવાસ બનાવી રૂપિયા ૩૩.૫૦ કરોડનું ચૂકવણું થયુ છે.તેમાં પાલિકાના તત્કાલીન પ્રમુખ, ઉપપ્રમુખ તેમજ સદસ્યો સામે કલમ ૭૦ મુજબ વસુલાત કરી કલમ ૩૭ મુજબ સભ્યપદેથી સસ્પેન્ડ કરવા પાલિકાના વિરોધપક્ષના નેતાએ ગાંધીનગર કમિશ્નર મ્યુનિસિપલ એડમિનીસ્ટ્રેશનની કોર્ટમાં અપીલ કરતાં ખળભળાટ મચી જવા પામ્યોછે.

પાલનપુર નગરપાલિકા વિસ્તારમાં રાજીવગાંધી આવાસ યોજના હરિપુરા વિસ્તારમાં આવેલા સર્વે નં.૧૨૮ અને ૧૨૯ માં બનાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા મંજુરી આપવામાં આવી હતી. પરંતુ ભાજપની બોડીએ સદરપુર ગામની સીમમાં સર્વે નં.૮૫ માં બનાવવાનું શરૂ કરવામા આવ્યુ હતુ. જેમાં સર્વે નં.૮૫ ની જગ્યા ૧૯૮૬ માં પાલનપુર નગરપાલિકાને ગટર યોજનાના ઓક્સીડેશન પોન્ડ માટે ફાળવવામાં આવી હતી. તેમાં વર્ષોથી ગંદા પાણીનો નિકાલ થઈ રહ્યો છે. તેની બાજુમાં જ રૂપિયા ૭ કરોડના ખર્ચે જી. યુ. ડી. સી. ગાંધીનગર દ્વારા બનાવવામાં આવેલ લેન્ડ ફીલસાઈટ ઘન કચરાના નિકાલ માટે બનાવેલ છે. દરમિયાન આ ૩૫૦૦૦ ચોરસ ફૂટ જમીન ઓકસીડેશન પોન્ટ માટે જરૂરીયાત ન હોઈ આ જમીન રાજીવ ગાંધી આવાસ યોજના માટે ફાળવવા માટે નગરપાલિકાના ચિફ ઓફિસરે નાયબ કલેકટરને દરખાસ્ત કરી હતી. આથી વર્તમાન કલેકટર સંદીપ સાગલે દ્વારા તપાસ કરી સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૩૫ એકર જમીન પૈકી બાકી રહેતી ૨૦ એકર જમીન ભુર્ગભગટર યોજના અને ઓકસીડેશન પોન્ડ માટે રાખેલી હતી. જેનો કાર્યસાધક ઉપયોગ થયેલ નથી. જે હેતુ માટે ગ્રાન્ટ કરેલ તે હેતુ માટે ઉપયોગ થયેલ નથી. જેથી, ગ્રાન્ટના હુકમની શરતોમાં ભંગ થાય છે. તેમજ નગરપાલિકાએ આ જમીનની જરૂરીયાત ન હોવાનું જણાવી તેના ઉપર પરવાનગી વગર રાજીવ ગાંધી આવાસ યોજનાના મકાનો બનાવી સ્પષ્ટપણે શરતભંગ કરેલો હોવાથી આ જમીન શ્રીસરકાર કરવાનો હૂકમ કર્યો છે.

દરમિયાન રાજીવ ગાંધી આવાસ યોજનામાં પાલિકાની બોડી દ્વારા રૂપિયા ૩૩.૫૦ કરોડનું ચૂકવણું થયુ છે. આ મુદ્દે નગરપાલિકાના વિરોધપક્ષના નેતા અમૃતભાઈ જોષીએ ગાંધીનગર કમિશ્નર મ્યુનિસિપલ એડમિનીસ્ટ્રેશનની કોર્ટમાં અપીલ કરી છે. ગંદાપાણીના નિકાલવાળી જગ્યામાં મકાનો બનાવી પેમેન્ટ ચૂકવણી નોંધમાં સહિઓ કરી મોટો ભ્રષ્ટાચાર આચર્યો છે. રૂપિયા ૩૩,૫૦,૦૦, ૦૦૦ નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૭૦ મુજબ વસુલ લઈ તેમની ઉપર કલમ ૩૭ મુજબ પગલા લઈ નગરપાલિકાના સભ્યપદેથી સસ્પેન્ડ કરવાનો હૂકમ કરવો તેમજ બાકીના વીસ સદસ્યો જેમણે તમામ સાધારણ સભામાં ચર્ચા કર્યા વિના એક થી બે મિનિટમાં મંજુર મંજુર કરી ચાલતી પકડી છે.

કામનો પ્રોગ્રેસ રિપોર્ટ હરિપુરાનો અપાયો હોવાની ચર્ચા

રાજીવ ગાંધી આવાસ યોજના હરિપુરામાં પાસ થઈ હતી. પરંતુ તેને સદરપુર લઈ જઈ ત્યાં આવાસ યોજના બનાવી દેવામાં આવી હતી. જોકે, પાલિકાએ કામનો પ્રોગ્રેસ રિપોર્ટ પણ હરિપુરાનો આપ્યો હોવાની પણ ચર્ચાઓ ચાલી રહી છે.

કાફલો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

થયો હતો. વરસાદ વચ્ચે તીર્થયાત્રીઓ નુનવાન પહેલગામ બેઝકેમ્પથી ચંદનવાડી માટે રવાના થયા હતા. જમ્મુના બેઝકેમ્પથી મહિલાઓ, બાળકો અને સંતો સમેત ૩૦૦૦ શ્રદ્ધાળુઓનો કાફલો બુધવારે સાંજે પહેલગામ અને બાલતાલ પહોંચી ગયો હતો. બુધવારના દિવસે સઘન સુરક્ષા વચ્ચે અમરનાથ યાત્રા શરૂ કરવામાં આવી હતી. ભારે વરસાદના કારણે બાલટાલ અને પહેલગામ બંને જગ્યાએ સ્થિતી ખરાબ થઈ છે. જેથી શ્રદ્ધાળુઓને આગળ વધવાની મંજુરી આપવામાં આવી રહી ન હતી પરંતુ હવે સ્થિતિ સુધારતા શ્રદ્ધાળુઓ ફરી એકવાર રવાના થયા છે. પ્રતિકુળ સંજોગો હોવા છતાં અમરનાથ યાત્રાને લઈને શ્રદ્ધાળુઓમાં અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે અમરનાથ યાત્રા માટે શ્રદ્ધાળુઓનો પ્રથમ કાફલો ગઈકાલે બુધવારના દિવસે સવારે જમ્મુથી બાલતાલ અને બેઝ કેમ્પ માટે રવાના થયો હતો. ૬૦ દિવસની આ યાત્રામાં આ વખતે અઢી લાખથી વધુ શ્રદ્ધાળુઓ નોંધણી કરાવી ચુક્યા છે. અમનારથ યાત્રા ૨૬મી ઓગસ્ટ સુધી ચાલનાર છે. અમરનાથ યાત્રીઓની સંખ્યામાં પહેલાની સરખામણીમાં વધારો થાય તે માટે આ વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે ગંભીરરીતે ધ્યાન આપી રહ્યા છે. બે લાખથી વધુ શ્રદ્ધાળુઓ પહેલાથી જ નોંધણી કરાવી ચુક્યા છે. બાલતાલ અને પહેલગામથી અમરનાથની પવિત્ર ગુફા સુધી પહોંચવાના બે રસ્તાઓ છે. આ બનંને રસ્તા શ્રીનગરથી ખૂબ સારી રીતે જોડાયેલા છે. મોટાભાગે શ્રદ્ધાળુ શ્રીનગરથી પોતાની યાત્રા શરૂ કરે છે. પહેલગામથી અમરનાથની પવિત્ર ગુફા ૪૮ કિલોમીટરના અંતરે છે જ્યારે બાલતાલથી પવિત્ર ગુફા ૧૪ કિલોમીટરના અંતરે છે. બાલતાલ રૂટથી અમરનાથ ગુફા સુધી સરળતાથી અને ઓછા સમયમાં પહોંચી શકાય છે પરંતુ આ રસ્તો ખૂબ જ મુશ્કેલરૂપ છે. જેથી મોટી વયના લોકો આ રૂટનો ઉપયોગ કરી શકતા નથી. પહેલગામ અમરનાથ માટે ઐતિહાસિક અને જુના માર્ગ તરીકે છે.

સર્જાયો વિવાદ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગુલામ નબી આઝાદને તોઈબા તરફથી મળ્યું છે. તેમની ટિપ્પણીથી આતંકવાદીઓ ખુશ થઈ રહ્યા છે. કોંગ્રેસ આતંકવાદીઓના જુસ્સાને વધારી રહી છે. આ ગાળા દરમિયાન રવિશંકર પ્રસાદે કહ્યું હતું કે, સૈનિકોના હિતમાં મોદી સરકારે અનેક કામ કર્યા છે જેમાં વન રેંક વન પેન્શન આપવાનું કામ પણ સામેલ છે. રાહુલ ગાંધી પુરતા પ્રમાણમાં હોમવર્ક કરતા નથી અને તેમની સાથે રહેનાર લોકો તો બિલકુલ હોમવર્ક કર્યા વગર આવે છે. કોંગ્રેસ પર હથિયારોની ખરીદીમાં કમિશનનો આક્ષેપ કરતા રવિશંકરે કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટીનો ઈતિહાસ રહ્યો છે કે જ્યારે કોઈ હથિયારોની ખરીદી કરવામાં આવે છે ત્યારે કમિશન વગર કામ ચાલતું નથી. કોંગ્રેસ પાર્ટી કમિશન વગર હથિયારો ખરીદતું નથી. મોદીની સરકારમાં કમિશનની પ્રક્રિયા બંધ થઈ ચુકી છે. વચેટિયાઓ અને દલાલો માટે દરવાજા બંધ થઈ ચુક્યા છે. મોદી સરકારનો એક જ મંત્ર છે અને એ મંત્ર ભ્રષ્ટાચાર વગર શાસનનું છે. કોંગ્રેસ પર પ્રહાર કરતા કેન્દ્રીયમંત્રીએ કહ્યું હતું કે, ગુલામ નબી આઝાદ ચાર દિવસથી મૌન થયેલા છે. સૈફુદ્દીન સોઝ નિવેદન કરતા જઈ રહ્યા છે. કાશ્મીરના સંદર્ભમાં જુદી જુદી ટિપ્પણી કરવામાં આવી છે. ભારતીય જવાનો મજબૂતી સાથે લડી રહ્યા છે કે કેમ તેને લઈને પણ પ્રશ્નો ઉઠાવવામાં આવી રહ્યા છે. ગયા વખતે તેઓએ વિગતવાર માહિતી આતંકવાદીઓના ખાત્મા અંગે આપી હતી.

કોંગ્રેસ પાર્ટી મત મેળવવા માટે નીચા સ્તરે પહોંચી રહી છે. કોંગ્રેસ પાર્ટી સર્જિકલ સ્ટ્રાઈકને લઈને પણ શંકામાં છે. આ વિડિયો એ વખતના લેફ્ટી જનરલ દ્વારા યોગ્ય જણાવવામાં આવ્યા બાદ વધુ પ્રશ્નો થઈ રહ્યા છે. ભાજપે કોંગ્રેસ પાર્ટીને જે પ્રશ્નો પુછ્યા છે તેમાં આ વેધક પ્રશ્નો રહેલા છે. કોંગ્રેસ પાર્ટી સર્જિકલ સ્ટ્રાઈકના વિડિયોને યોગ્ય ગણે છે કે કેમ, કોંગ્રેસ સર્જિકલ સ્ટ્રાઈકને યોગ્ય ગણે છે કે કેમ, પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં ઘુસીને અમારા જવાનો ત્રાસવાદીઓના કેમ્પને ફૂંકી મારે છે અને તેમને કોઈ ઈજા થતી નથી તેવી સ્થિતિમાં કોંગ્રેસ પાર્ટી શું કહે છે, ભારતીય સેનાના સાહસી જવાન ઔરંગઝેબના ઘરે જ્યારે આર્મી ચીફ અને નિર્મલા સીતારામન પહોંચ્યા હતા ત્યારે કોંગ્રેસે તેને ડ્રામા તરીકે ગણાવીને જટિલ સ્થિતિ સર્જી હતી. કાશ્મીરમાં સેનાનો એક સાહસી જવાન ઔરંગઝેબ ઈદની રજા ઉપર જઈ રહ્યો હતો ત્યારે ત્રાસવાદીઓએ તેનું અપહરણ કરીને હત્યા કરી દીધી હતી. શહીદ થવાના મામલે તેના પિતાનું કહેવું છે કે, તેમના બીજા પુત્ર પણ બલિદાન માટે તૈયાર છે. આ સાહસી પિતાને સન્માન આપવાની બાબત નાટક છે કે કેમ તે અંગે કોંગ્રેસ જવાબ આપે તેવા પડકારો રવિશંકર પ્રસાદે ફેંક્યા હતા.

મોદીના પ્રહાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી છે ત્યારથી ઉત્તરપ્રદેશમાં ગરીબો માટે રેકોર્ડ આવાસનું નિર્માણ થઈ રહ્યું છે. મોદીએ ઈમરજન્સીનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, કોંગ્રેસ અને જનતા પરિવાર હિસ્સા રહી ચુકેલા પક્ષોને પણ લઈને તેજાબી પ્રહાર કર્યા હતા. વડાપ્રધાને કહ્યું હતું કે, કબીરે મોક્ષ માટે ક્યારે પણ લાલચ કરી ન હતી પરંતુ સમાજવાદ અને બહુજનને તાકાત આપવાના નામ ઉપર રાજકીય પક્ષોને સત્તાના લાલચને જોઈ શકાય છે. મોદીએ પોતાની સરકારની સિદ્ધિઓનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, ૮૦ લાખથી વધારે મહિલાઓને ઉજ્જવળા યોજના હેઠળ ગેસ કનેક્શન, એક કરોડ ૭૦ લાખ લોકોને એક રૂપિયા મહિને વિમા સુરક્ષા કવચ અને બેંક ખાતામાં સીધા પૈસા ટ્રાન્સફર કરવામાં આવી રહ્યા છે. આયુષ્યમાન ભારત હેઠળ ગરીબોને સસ્તા અને સરળરીતે આરોગ્યની સુવિધા અપાઈ રહી છે. સંત કબીરને કર્મયોગી તરીકે ગણાવીને મોદીએ કહ્યું હતું કે, તેમની સરકાર કબીરના રસ્તા પર આગળ વધી રહી છે. ભારતની એક એક ઈંચ જમીનને વિકાસ સાથે જોડવામાં આળી રહી છે. કબીરે એક વખતે કહ્યું હતું કે, કાલ કરે શો આજ કર. તેમની સરકાર પણ આ દિશામાં આગળ વધી રહી છે. વડાપ્રધાને કહ્યું હતું કે, કબીર કર્મયોગી હતા. મગહરમાં સંતકબીરના નામ ઉપર કેટલીક સંસ્થાઓના નિર્માણની જાહેરાત કરવામાં આવી ચુકી છે. વડાપ્રધાને કહ્યું હતું કે, ૨૪ કરોડ રૂપિયાનો ખર્ચ મહાત્મા કબીરની સ્મૃતિઓને એકત્રિત કરનાર સંસ્થાઓના નિર્માણ માટે કરાશે.

જવાનો લાપતા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રવાના થઈ હતી. આ તમામ જવાનો જમ્મુ- કાશ્મીર ફરજ પર જઈ રહ્યા હતા. આ દરમિયાન ટ્રેન વર્ધમાન સ્ટેશન પર રોકાઈ હતી.

ત્યારબાદ બીએસએફ દળનો એક જવાન ટ્રેનમાં જોવા મળ્યો ન હતો. ટ્રેન ત્યાંથી રવાના થયા બાદ ધનબાદ સ્ટેશન પર રોકા